અપીલ અરજી નં.૩૫૨ તા.૧૫-૧-૦૯/૧૦

અરજદારઃ- શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી
સામાવાળાઃ- કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ-**

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૫-૧૨-૦૯ ની અરજીથી સર્વોદયનગર બમરોલી રોડ સર્વે નં.૨૪૭ પૈકી પ્લોટ નં. ૪૯,૫૦ માં રહેતા ના પ્લોટ નં.૪૮ ની વાંધા અરજીની વિગત પ્લોટ નં.૪૯,૫૦ માં નળ કનેકશનની વિગત અને ભરેલા પૈસાની પહોંચની નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧૫-૧-૧૦ ની અપીલ અરજી નં.૩૫૨/૨૦૦૯-૧૦

શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૫-૧૨-૦૯ ની અરજીથી સર્વોદયનગર બમરોલી રોડ સર્વે નં.૨૪૭ પૈકી પ્લોટ નં. ૪૯,૫૦ માં રહેતા ની પ્લોટ વનં.૪૮ ની વાંધા અરજીની વિગત પ્લોટ નં.૪૯,૫૦ માં નળ કનેકશનની વિગત અને ભરેલા પૈસાની પહોંચની નકલ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૬૩૫ તા.૪-૧-૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫-૧-૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૯૨ તા.૨૨-૧-૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તરની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૫-૧૨-૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૬૩૫ તા.૪-૧-૧૦ થી અરજદારને માંગેલી માહિતી/દસ્તાવેજો નીચેના કારણસર આપી શકાય તેમ નથી. " ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે. જેથી આરટીઆઈ એકટની કલમ-૧૧(૨) હેઠળ માહિતી આપવા અંગે હું ઈન્કાર કરું છું. " તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૫-૧-૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજીમાં માંગેલી માહિતી બાબતે દફતરી વિગત અનુસાર ખરેખર જે ત્રાહિત હોય તેને તક આપીને ત્રાહિત વ્યકિત ધ્વારા પૂરા પડાયેલ અથવા તો ત્રાહિતને લગતા દસ્તાવેજો બાબતે યોગ્ય નિર્ણય પર આવવાનું રહે છે તથા તે સિવાયની જાહેર સ્ત્રોત હેઠળની વિગતો અરજદારને પૂરી પાડવાની રહે છે. જે અંગેની કાર્યવાહી કરી ત્રાહિતની માહિતી સિવાયની અન્ય માહિતી જેવી કે, વાંધા અરજીની વિગત, નળ કનેકશન અંગેની કાર્યવાહી અને પૈસા ભર્યાની નકલ વિગેરે માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. અત્રે એ ઉલ્લેખનીય છે કે માહિતી જાહેર કરવાથી ત્રાહિતને થતાં નુકશાન સામે વ્યાપક જાહેર હિત વધુ અગત્યનું જણાય તો જાહેર માહિતી અધિકારી વિવેક બુધ્ધિના આધારે માહિતી જાહેર કરવા નિર્ણય લેવા સક્ષમ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫-૧૨-૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે દફતરી વિગત અનુસાર ખરેખર જે ત્રાહિત હોય તેમને રજૂઆત કે વાંધો રજૂ કરવાની તક આપી તે વાંધાને અનુલક્ષી યોગ્ય તે નિર્ણય પર આવવાનું રહે છે . તેથી દફતરી વિગતોને સુસંગત ત્રાહિત વ્યકિત બાબતે કાયદાની કલમ-૧૧(૨) હેઠળની કાર્યવાહી અનુસરી માત્ર તેમની જ રજૂઆતો ધ્યાને રાખી જો ત્રાહિત તરફથી કોઈ વાંધો રજૂ થયેલ હોય તો તે બાબતે માહિતી જાહેર કરવાથી ત્રાહિતને થતાં નુકશાન સામે વ્યાપક જાહેર હિત ધ્યાને રાખી કલમ-૧૧ હેઠળ માહિતીના ઈન્કાર કરવા અગર માહિતી જાહેર કરવા બાબતે દિન-૭ માં યોગ્ય તે નિર્ણય લઈ અત્રેની જાણ હેઠળ અરજદારને સૂચિત કરવા તથા જાહેર સ્ત્રોત હેઠળની દફતરી માહિતી નળ કનેકશન અંગેની વિગત તથા પૈસા ભર્યાની માહિતી આરટીઆઈ એકટની કલમ-૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી હુકમની વિગતે નિર્ણય લીધા બાદ પણ નારાજગીના કિસ્સામાં કાયદાની કલમ-૧૯(૩) હેઠળ રાજય માહિતી આયોગ, ગુજરાત રાજય, સેકટર-૧૮, ગાંધીનગરને બીજી અપીલ દિન-૯૦ માં કરવાની જોગવાઈ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૨ -૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી ,